# મોડાસામાં મોંઘવારીના પૂતળાદહન ટાણે કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઘર્ષણ

**કોંગ્રેસના કાર્યકરોને વિરોધ કરવાનો પણ અધિકાર છીનવતી પોલીસતંત્ર : જિલ્લાના કોંગ્રેસી કાર્યકરોએ પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા : પોલીસ પ્રજાની કે પછી ભાજપાની ?**






મોડાસા, તા. ૨૬

વગર ધારાસભ્યએ મુખ્યમંત્રી બનેલા પ્રથમ વખત જ સાંસદ બનીને સીધા જ વડાપ્રધાન બની ગયેલા નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણી વખતે કોંગ્રેસના ભ્રષ્ટાચાર અને મોંઘવારીનો મુદ્દો ઉઠાવ્યો હતો. મોદીએ પ્રજાને અચ્છે દિનના વચન આપી ભાજપા સરકારે દેશની ધૂરા સંભાળી હતી. શાસનને બે વર્ષ પૂર્ણ પછી સ્થિતિ જોતા એવું લાગે છે કે તેઓએ પ્રજા સમક્ષ ખોટી વાત કરી પ્રજા સમક્ષ સપનાઓનું જ વેચાણ કર્યું હતું. જીવન જરૂરી તમામ ચીજવસ્તુઓના ભાવો આસમાને પહોંચતા ગરીબવર્ગો અને મધ્યમવર્ગના લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. ત્યારે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા બેકાબુ બનેલી મોંઘવારી નાથવામાં ભાજપા સરકાર નિષ્ફળ રહેતા મોંઘવારીનું પુતળુ દહનનો કાર્યક્રમ જિલ્લાના મુખ્યમથક મોડાસા ચાર રસ્તે યોજવામાં આવતા પોલીસતંત્ર દ્વારા પોલીસ કાફલો ખડકી દઈ કોંગ્રેસનો વિરોધ કરવાનો હક છીનવી લેતી હોય તેમ પૂતળાને લઈને ઝપાઝપી થતા ઉગ્ર મામલો બન્યો હતો. પોલીસતંત્ર પુતળુ લઈને જતી રહી હતી.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રવિવારે જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના ચાર રસ્તા પાસે આવેલા ટાઉનહોલ નજીક રવિવારે સવારે ભાજપા સરકાર મોંઘવારી નાથવામાં નિષ્ફળ રહેતા અને દિવસે ને દિવસે મોંઘવારી કૂદકે ને ભૂસકે વધી રહી છે ત્યારે મોંઘવારીના પૂતળાનું દહન કરી વિરોધ કરવાનો અને ધરણાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ મોંઘવારીના પૂતળાને સળગાવાનો પ્રયત્ન કરતા કોંગ્રેસના કાર્યકરો અને પોલીસ વચ્ચે ઝપાઝપી થઈ હતી. તેમજ પોલીસ દ્વારા બળપ્રયોગનો ઉપયોગ કરી પૂતળુ છીનવી લેવામાં આવતા અને પુતળુ લઈ જતી રહેતા કોંગ્રેસના કાર્યકરોમાં ભારે નારાજગી દર્શાવવામાં આવી હતી. જિલ્લા પોલીસતંત્રની એકતરફી અને સત્તાધારી પક્ષ તરફી વલણને લઈ જિલ્લાના કોંગ્રેસના કાર્યકરો સમસમી ઉઠ્યા હતા અને પોલીસ પ્રજાની સલામતી માટે છે કે પછી ફક્ત એક પક્ષની કામગીરી માટે તે યક્ષ પ્રશ્ન ઉઠ્યો હતો. મોડાસા ચાર રસ્તા કોંગ્રેસી કાર્યકરો અને પોલીસતંત્ર વચ્ચે પૂતળાના મુદ્દે ઝપાઝપી થતા ચાર રસ્તા પર થોડા સમય તો તંગદીલી જેવી સ્થિતિ સર્જાઈ હતી.

## ડીસા માર્કેટયાર્ડમાં ગત વર્ષ કરતા મગફળીની આવકમાં અધધ વધારો

**કર્મચારીઓની સીધી દેખરેખમાં જાહેર હરાજી દ્વારા તમામ માલનુ વેચાણ**
**માર્કેટયાર્ડના ઈતિહાસમાં પ્રથમવાર મંગળવારે બાવન હજાર બોરી મગફળી નોંધાઈ**

ડીસા, તા. ૨૬

ઉત્તર ગુજરાતમાં મોખરાના ગણાતા ડીસા માર્કેટયાર્ડમાં કૃષિ ઉપજ વેચવા ખેડૂતોનો ધસારો સતત વધતાં માર્કેટયાર્ડમાં રેકોર્ડ તોડ આવકો થઈ રહી છે. ચાલુ વર્ષે મગફળીની આવકો અગાઉના વર્ષો કરતાં બમણાથી પણ વધુ થશે. ડીસા માર્કેટયાર્ડમાં ખેડૂતોને અદ્યતન સુવિધા ઉપરાંત પોષણક્ષમ ભાવો અને રોકડા નાણા મળતા ખેડૂતોનો વિશ્વાસ વધ્યો છે.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા સંચાલિત ડીસા માર્કેટયાર્ડમાં છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીમાં કૃષિ ઉપજની આવકોમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. માર્કેટયાર્ડના સંચાલક મંડળ દ્વારા ખેડૂતોને ઉપલબ્ધ કરાવતી સુવિધાઓમાં વધારો કરવા ઉપરાંત ઈ-માર્કેટ સેવા તેમજ પોષણક્ષમ ભાવ અને રોકડા નાણાં મળે તે માટે સતત દેખરેખ રાખી કાર્યશીલ રહેતા આવકોમાં બમણો વધારો થયો છે. ગત વર્ષે ઉનાળુ સિઝનમાં મગફળીની કુલ ૨.૨૬ લાખ બોરીની આવક નોંધાઈ હતી. જેની સામે ચાલુ વર્ષે અડધી સિઝન દરમ્યાન જ આવકો ૩.૭૦ લાખ બોરીને પાર કરી ચુકી છે. હાલમાં દૈનિક સરેરાશ ૩૫ થી ૪૦ હજાર બોરી મગફળી અને ૧૦ થી ૧૫ હજાર બોરી બાજરીની આવકો નોંધાય છે. જેમાં મંગળવારે ડીસા માર્કેટયાર્ડના ઈતિહાસમાં સૌથી વધુ ૫૨ હજાર બોરી મગફળીની આવકનો રેકોર્ડ નોંધાયો હતો.

ગત વર્ષે મગફળીના ૨૦ કિલો (પ્રતિ મણ)નાસરેરાશ ભાવ રૂ. ૯૫૦ થી રૂ. ૧૧૦૦ રહ્યા હતા. જેની સામે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા હરાજીની પદ્ધતિમાં સુધારો કરાતા ડીસા માર્કેટયાર્ડના કર્મચારીઓની સીધી દેખરેખ હેઠળ જાહેર હરાજી દ્વારા તમામ માલનું વેચાણ થતુ હોવાથી જેના ફળ સ્વરૂપે ખેડૂતોને પોતાની ખેત પેદાશના પોષણક્ષમ અને મહત્તમ ભાવો મળી રહે છે અને ચાલુ વર્ષે સરેરાશ ભાવ રૂ. ૧૦૫૦ થી રૂ. ૧૨૫૦ બોલાઈ રહ્યા છે. જેથી ખેડૂતોને પણ મહંદ અંશે આર્થિક ફાયદો થઈ રહ્યો છે.

## મોડાસા-રાજેન્દ્રનગર માર્ગ પર પુલ નિર્માણની ધીમી કામગીરી સામે રહિશોમાં રોષ

**વરસાદથી ડાયવર્ઝન કરેલા રસ્તાઓ પર પાણી ભરાવાની શક્યતા**



મોડાસા, તા. ૨૬

મોડાસા-રાજેન્દ્રનગર રોડના નવિનીકરણની કામગીરી છેલ્લા કેટલાક સમયથી ચાલી રહી છે. અને આ માર્ગ અરવલ્લી-સાબરકાંઠાને જોડતો મુખ્ય માર્ગ હોઈ આ માર્ગ પર વાહનોની ખુબ જ અવરજવર રહે છે. હાલ ચોમાસુ બેસી ગયું છે અને વરસાદ પણ ચાલુ થઈ જવા છતાં પણ આ માર્ગ પર હજુ કેટલાક સ્થળો પર ગરનાળાઓ અને પુલોનું કામકાજ ધીમી ગતિએ ચાલી રહ્યું છે. આથી સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

હાલ ખુમાપુર-ભવનપુર તેમજ ખંભીસર-મેઢાસણ ગામો વચ્ચે પુલનું કામકાજ ચાલુ હોવાથી વાહનોની અવરજવર માટે રસ્તાઓને ડાયવર્ઝન કરેલ છે. પરંતુ જો ભારે વરસાદ પડે તો આ ડાયવર્ઝન કરેલા રસ્તાઓ પર પાણી ફરી વળવાની પુરેપુરી શક્યતાઓ રહેલી છે. આવી પરિસ્થિતિમાં જો ડાયવર્ઝન કરેલા રસ્તાઓ બંધ થઈ જાય તો અરવલ્લી-સાબરકાંઠાને જોડતા કેટલાય ગામો ચોમાસામાં સંપૂર્ક વિહોણા બની શકે એમ છે. અને રહિશોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવે તેમ છે. હાલ ચોમાસુ માથે છે અને આવનાર દિવસોમાં ભારે વરસાદ પડવાની શક્યતાઓ રહેલી છે. તો સંબંધિત તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરી ગરનાળાઓ અને પુલોનું બાકી રહેલું કામકાજ પૂર્ણ કરવામાં આવે તેવું આ પ્રજાજનો ઈચ્છી રહ્યા છે.

## વિજાપુર રોટરી ક્લબ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ યોજાયો

મહેસાણા, તા.૨૬

મહેસાણ જિલ્લાના વિજાપુર શહેરમાં રોટરી ભવન ખાતે વિજાપુર રોટરી કલબ દ્વારા સમાજ જાગૃતિ અભિયાન અંતર્ગત બેટી બચાવો બેટી પઢાવો કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. ''.દિકરી મારી લાડકવાઈ લક્ષ્મીનો અવતાર'', '' દિકરી એટલે વ્હાલનો દરિયો '', '' દિકરી એટલે પિતાનો શ્વાસ અને વિશ્વાસ '' '' દિકરી દેવો ભવ '' આવા અનેક પ્રેરણાદાયી સુત્રો દીકરી માટે લખવામાં આવ્યા છે. આદિ-અનાદી કાળથી સ્ત્રી શક્તિની પુજા કરવામાં આવે છે. પરંતુ સમાજજીવનમાં આજે પણ દિકરી અને દિકરા વચ્ચે ભેદ જોવામાં આવે છે.આ ભેદ ભુલાલવા અને સમાજમાં સમતુલન જળવાઈ રહે તે માટેના પ્રયાસના ભાગ રૂપે રોટરી સંસ્થા દ્વારા કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

કાર્યક્રમમાં ઉપસ્થિત ગૃહરાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલે જણાવ્યું હતુ કે મહેસાણા જિલ્લામાં સેક્સ રેશિયો સરકાર,જિલ્લા વહીવટીતંત્ર અને સામાજિક સંસ્થાઓના સહીયારા પ્રયત્નોથી આપણે સુધાર લાવી શક્યા છીએ. દિકરીને મહત્વ આપવા રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મુકી છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજ્યના પ્રથમ મહિલા મુખ્ય મંત્રી આનંદીબહેન પટેલે દિકરી બચાવો દિકરી પઢાવો અભિયાનને વિશેષ મહત્વ આપ્યું છે.

સરકાર દ્વારા સામાજિક જવાબદારી સમજી દિકરીને મહત્વ અપાઈ રહ્યું છે.રાજ્ય સરકારે મહિલા અને બાળકોનો સમતોલ વિકાસ થાય તે માટે દેશમાં સૌ પ્રથમ મહિલા અને બાળ કલ્યાણ વિભાગની શરૂઆત કરી હતી. મહિલા મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે મહિલા જેન્ડર બજેટ રજુ કરી મહિલાઓને લગતી વિવિધ યોજનાઓની શરૂઆત કરી હતી.જેમાં ૮૭ જેટલી યોજનાઓ માત્ર મહિલાઓને લગતી હતી. આ ઉપરાંત ૧૮૧ અભયમ હેલ્પ લાઈન, મહિલા સુરક્ષા સમિતિ સહિત દેશના વડાપ્રધાને નિર્ભયા ફંડ માં ૧૦૦૦ કરોડ અને હરીયાણાથી બેટી બચાવો બેટી પઢાઓની શરૂઆત કરી હતી

કાર્યક્રમાં રોટરી કલ્બના દાતાશ્રીઓ તેમજ વિજાપુર તાલુકાની વિશિષ્ટ મહિલા પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું હતુ આ ઉપરાંત રાજ્યના નિવૃત અધિક સચિવ એસ.કે.નંદાનું સન્માન રાજ્યના ગૃહમંત્રીશ્રીના હસ્તે કરાયું હતું.કાર્યક્રમમાં આંચલ નામની દિકરીએ બેટી બચાવો વિષય સુંદર વ્યકતવ્ય આપ્યું હતું.

રોટરી ભવન વિજાપુરના કાર્યક્રમમાં પુર્વધારાસભ્ય કાન્તિભાઈ પટેલ, જિલ્લા આરોગ્ય અધિકારી ટી.કે.સોની રોટરી કલબના શામજીભાઈ ગોર,પરેશ પટેલ, સહિતના રોટેરીયન આગેવાનો,રશહેરના અગ્રણીઓ,મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી

## ખેડબ્રહ્મા ખાતે પંડિત દિન દયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્માના અંબિકા માતાજી મંદિર સંકુલમાં ભાજપ દ્વારા રવિવારે પંડિત દિન દયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. પ્રશિક્ષણ વર્ગ બે દિવસ ચાલશે. જેમાં ગુજરાત પ્રદેશ ભાજપ મંત્રી પ્રદીપસિંહ વાઘેલા, રમિલાબેન બારા, અશોકભાઈ જોષી, બ્રિજેશ પટેલ, હિતેશ પટેલ, મયુર શાહ સહિત ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના તાલુકાના કાર્યકર જોડાયા હતા.

## ખેડબ્રહ્મામાં વરસાદના છાંટા પડતા જ વીજ પુરવઠો વારંવાર ઠપ્પ થતાં રહિશો પરેશાન

ખેડબ્રહ્મા, તા. ૨૬

ચોમાસાની શરૂઆતની સાથે જ ખેડબ્રહ્મા તાલુકામાં વારંવાર વીજળી ડુલ થવાના ધાંધિયા વધી ગયા છે. જેને લઈ સ્થાનિક રહિશો સમસમી ઉઠ્યા છે. અને વીજ તંત્ર સામે ઉગ્ર રોષ વ્યક્ત કર્યો છે. અને વીજળી નિયમિત મળે તે માટે અને વારંવાર સર્જાતી ખામી દૂર કરે તેવી માંગ કરી રહ્યા છે.

રાજ્યભરમાં વરસાદી ઋતુનું આગમન થઈ ગયું છે. ધીમી ધારે છુટો છવાયો વરસાદ થઈ રહ્યો છે. ત્યારે ખેડબ્રહ્મા શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદી છાંટા પડતા જ વારંવાર કલાકોના કલાકો વીજળી ડુલ થવાના કિસ્સા વધી ગયા છે. જેને લઈ ગરમી અને ભારે ઉકળાટ વચ્ચે પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. વારંવાર વીજ પુરવઠો ખોરવાઈ જતા અને વીજ કરંટના બનાવો મામલે સ્થાનિકોએ સ્થાનિક વીજતંત્રને લેખિત રજૂઆતો કરી હોવા છતાં વીજ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. પરિણામે રહિશોમાં વીજ તંત્ર સામે ઉગ્ર રોષ જોવા મળ્યો છે. અને સામાન્ય વરસાદના છાંટા પડતા જ વારંવાર સર્જાતી વીજ ખામીનો કાયમી નિકાલ લાવવા માંગ કરી છે.

## મોડાસા અર્બુદા શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

મોડાસા, તા. ૨૬

મોડાસાની અર્બુદા શરાફી સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલના પ્રમુખપદે યોજાતા અર્બુદા શરાફી મંડળીના વર્ષ ૨૦૧૫-૧૬ ના હિસાબો મંજુર કરવા સાથે મંડળીએ કરેલ ૯.૩૦ લાખના નફાની નોંધ લઈ સર્વે સભાસદોએ મંડળીના ચેરમેન હરેશભાઈ પટેલ અને સર્વે ડિરેક્ટરોને અને સ્ટાફની કામગીરીને બિરદાવી હતી.

આવતી થાપણો સામે સભાસદોને કાયદાની અને નિયત ધોરણોની મર્યાદામાં રહી ધિરાણ કરવામાં આવે છે અને આ વર્ષે પણ ૯૮ ટકા ધિરાણ વસુલાત થતા ઉત્તરોઉત્તર પ્રગતિ કરતી મંડળીમાં સભાસદોની થાપણો સામે નિયત ધોરણે ધિરાણ આપવાની કામગીરી સુપેરે ચાલતી હોવાનો સર્વેએ સંતોષ વ્યક્ત કર્યો હતો. સમાજ અગ્રણી અને ધારાશાસ્ત્રી હીરાભાઈ એસ. પટેલ, ગોરધનભાઈ એમ.પટેલ, સહકારી અગ્રણી બેચરભાઈ શામળભાઈ પટેલ તેમજ સમગ્ર મંડળી વિસ્તારના સભાસદો અને પ્રતિનિધિઓ સભામાં ઉપસ્થિત રહ્યા હતા અને મંડળીના હિતમાં મુક્તમને પોતાના મંતવ્યો રજુ કર્યા હતા જ્યારે સભાનું સંચાલન મુળજીભાઈ પટેલ અને મેનેજર ચીમનભાઈ પટેલે કર્યુ હતું જ્યારે આભારવિધિ કનુભાઈ પટેલ (શિણોલ)એ કર્યું હતુ.

સભાના અંતે અરવલ્લી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## પાલનપુરના જનતા દરબારમાં સ્થાનિક ધારાસભ્ય ફુલ્લી પાસ

**જનતા દરબારમાં ધારાસભ્ય હાજર રહેવાનો પ્રથમ બનાવ**

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા જિલ્લામાં વડગામ, વાવ, થરાદ અને પાલનપુર વિધાનસભા ક્ષેત્રમાં જનતા દરબાર યોજવામાં આવ્યો હતો જેમાં પ્રથમ એવા ધારાસભ્ય મહેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં જનતા દરબારમાંથી ૫૦ ટકા માર્ક પ્રાપ્ત કરી પાસ જાહેર કરાયા હતા.




આજે ઓબીસી એકતા મંચના નેજા હેઠળ અલ્પેશ ઠાકોરનો પાલનપુર વિધાનસભા માટેનો જનતા દરબાર પાલનપુરના વાસણ ગામે યોજાયો હતો. જેમાં અલ્પેશ ઠાકોર દ્વારા રાજ્ય સરકાર સહિત સ્થાનીય પ્રશાશન પર આકરા પ્રહારો કરાયા હતા. જો કે જનતા દરબારમાં પહેલીવાર સ્થાનીય ધારાસભ્ય મહેશ પટેલ ઉપસ્થિત રહયા હતા તેમજ અલ્પેશ પટેલના સવાલોના જવાબો આપી આગામી સમયમાં એસટી, એસસી અને ઓબીસી એકતા મંચ દ્વારા પ્રજાજનોના ઉકેલ માટે પ્રયત્નશીલ હોવાનું જણાવ્યું હતું. જો કે અલ્પેશ ઠાકોરે જણાવ્યું હતું કે ગુજરાતમાં બુટલેગરોની ગાડીઓ ક્યાંથી નીકળે છે એના એડ્રેસ છે અમારી જોડે તેમજ જરૂર પડે અમારી તાકાત પણ બતાવીશુ. આજે પાલનપુરના વાસણ ગામે યોજાયેલ જનતા દરબારમાં નેતા હાજીર હો નો ઉદેશ સફળ રહ્યો હતો તેમજ સ્થાનિક ધારાસભ્યએ હજાર રહી તમામ સવાલોના જવાબ આપ્યા હતા. તેમજ અલ્પેશ ઠાકોરના સર્વેમાં ૫૦ માર્ક મેળવી કામકાજમાં સફળ પુરવાર થયા હતા. એક તરફ ઓબીસી એસટી એસસી એકતા મંચ દ્વારા ગુજરાતના તમામ ધારાસભ્યો પાસે કામકાજનો રિપોર્ટ માંગવાની શરૂઆત કરાઈ છે તો બીજી તરફ આગામી સમયમાં દારૂબંધીના મુદ્દે ઠોસ કાયદો બનાવવા માટે ૧૦ લાખથી વધુની સંખ્યામાં વિધાનસભા ઘેરાવની પણ ચીમકી અલ્પેશ ઠાકોરે ઉચ્ચારી હતી. જો કે સ્થાનીય ધારાસભ્યએ પોતાના કામકાજથી સ્થાનિક પ્રજાનો સંતુષ્ટ રહે તેમજ તેમના કામકાજ માટે સતત પ્રયત્નશીલ રહેવાની વાત કરી હતી. આજના જનતા દરબારમાં પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ લોકોની વચ્ચે રહી આ જનતા દરબારમાં વિધાનસભા ક્ષેત્રમાં દરેક સવાલોના જવાબ આપ્યા હતા.

## હિંમતનગર ખાતે ગાયત્રી મંદિર રોડ પર મકાન આગળ પાર્ક કરેલું બાઈક ચોરાયું

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ગાયત્રી મંદિર રોડ પર આવેલ આનંદ બંગ્લોઝ વિભાગ-૨માં રહેતા મનિષકુમાર મનસુખલાલ ભાલોડીનું બાઈક નં.જીજે.૩.ડીએન.૧૧૩ની તા.૨૪ જૂનની રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા મનિષકુમારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ શનિવારે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## અંબાજીમાં વિશ્વ હિન્દુ પરિષદની પ્રશિક્ષણ શિબિર યોજાઈ

અંબાજી, તા. ૨૬

ગુજરાત સહીત દેશભરમાં અને ખાસ કરીને આદીવાસી વિસ્તારોમાં ધર્માંતરની વટાળ પ્રવૃત્તિને લઈ વિશ્વ હિન્દુ પરીષદ ચિંતીત બન્યું છે. જેને લઈને વીએચપી દ્વારા દેશભરના ૪૪ પ્રાંતોમાં ધર્મ પ્રસારના કાર્યકર્તાઓની પ્રશિક્ષણ શિબિરનું આયોજન હાથ ધરાયું છે. ત્યારે અંબાજીમાં ચાલતી ત્રણ દિવસીય પ્રશિક્ષણ શિબિરનું સમાપન વીએચપીના કેન્દ્રીય સહમંત્રી ધર્મેન્દ્ર ભાવાણી સહીત સંત સ્વામી દાદૂરામ મહારાજ ડાકોરવાળાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમને દિપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને દેશભરમાં વસતા ૯૯ ટકા મુસ્લિમોને ૧૦૦ ટકા ઈશાઈઓ મુળ હિન્દુ હોવાની વાત ભાવાણીએ કરી હતી ને જેમને પરત ઘર વાપસીના કાર્યક્રમ થકી મુળ ધર્મમાં લાવવાના પ્રયાસો હાથ ધરાશે. એટલું જ નહી અમેરીકા અને યુરોપમાં પણ હિન્દુત્વની બ્લ્યુ પ્રિન્ટ તૈયાર કરવાના પ્રયાસો વીએચપીના કેન્દ્રીય સહમંત્રી, ધર્મેન્દ્ર ભાવાણી દ્વારા હાથ ધરાયા હોવાનું જણાવવામાં આવ્યું હતું. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે અંબાજી દાંતા પંથકમાં પણ ધર્માંતરની વટાળ પ્રવૃત્તી વકરી રહી છે. ત્યારે તેની સામે પણ યોગ્ય પગલાં લઈ આવનારા પાંચ વર્ષમાં મા અંબાની આસપાસની પાવન ભુમીને સંપુર્ણ હિન્દુત્વ બનાવવામાં આવશે.

## હિંમતનગરના મહેતાપુરામાંથી સગીરાનું અપહરણ કરાતા ફરિયાદ

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ રામજી મંદિર પાસે રહેતા સંગીતાબેન કોદરસિંહ રાઠોડની સગીરવયની દિકરીનું ગત તા.૨૦ જૂનના રોજ અમદાવાદના નરોડા ખાતે રહેતા અર્પણગીરી જગદીશગીરી ગોસ્વામી લગ્ન કરવાના ઈરાદે લલચાવી ફોસલાવી ભગાડી જતા જે અંગે સંગીતાબેને શનિવારે અર્પણગીરી ગોસ્વામી વિરૂધ્ધ બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરના સ્વામીનારાયણ મંદિરમાં પંડિત દીન દયાળ પ્રશિક્ષણ વર્ગની પૂર્ણાહૂતિ

હિંમતનગર, તા.૨૬

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ભાજપ દ્વારા પંડિત દીન દયાળ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાઇ રહ્યુ છે ત્યારે હિંમતનગરના કાંકણોલ પાસે આવેલ સ્વામીનારાયણ મંદિર હોલમાં યોજાયેલ બે દિવસીય પ્રશિક્ષણ વર્ગની રવિવારે પૂર્ણાહૂતિ કરાઇ હતી. જે પ્રસંગે વર્તમાન અને પૂર્વ ગૃહમંત્રીએ સરકારની ઉપલબ્ધિઓ વર્ણવી હતી.

આ પ્રશિક્ષણ વર્ગમાં ગૃહ મંત્રી રજનીભાઇ પટેલે કાર્યકર્તાઓને અનુરોધ કરતા જણાવ્યુ હતું કે સરકારની યોજનાઓ સમાજના નીચલા સ્તર સુધી લઇ જવી જોઇએ. સરકારે ખેડૂતો માટે, આરોગ્ય ક્ષેત્રે અને શિક્ષણ ક્ષેત્રે સહિત અન્ય ક્ષેત્રોમાં લોકોને મદદરૂપ થવાની ખેવના સાથે બજેટમાં કરેલી જોગવાઇ થકી વધુ સમાજ સેવા કરવા પર ભાર મુકયો હતો. ઉપરાંત પૂર્વ ગૃહ મંત્રી પ્રફુલ પટેલે ભૂતકાળમાં અટલબિહારી બાજપાઇને સંસદમાં એક મત ઓછો મળતા સરકાર છોડી દીધી હોવાનું ઉદાહરણ આપીને મૂલ્ય આધારિત રાજનીતિ અને સર્વધર્મ સન્માન એ પાટીના સૈધ્ધાંતિક અધિષ્ઠાન છે ત્યારે કાર્યકર્તાઓએ પણ તે વિચારોને જીવનમાં ઉતારવા જોઇએ. આ અભ્યાસ વર્ગમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી.પટેલ, સાબરડેરીના ચેરમેન જેઠાભાઇ પટેલ, અનિરૂધ્ધભાઇ સોરઠીયા સહિત સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.